






બ્લાસ્ટ પછી થાય એલર્ટ એનો કોઇ અર્થ નથી
'કોમા' માં હોય સુપ્ત, સન્માનવાનો કોઇ અર્થ નથી,
મૃત્યુ પછી થાય કદર, તો એનો કોઇ અર્થ નથી
અવસર ચૂક્યા પછી જાગવાનો કોઇ અર્થ નથી..




વિધાનસભા -
ભવાઇ - રંગમંચ,
લોકશાહીનું..

મેલી રમત
હોય છે હાર ફિક્સ -
જુગારવીરો..

## ચિંતન

**ગદોદન્તા દન્તાઃ પલિતકલિતઃ કુંતલભરઃ તમઃ ક્ષેત્રે નેત્રે અપિ વિષયપટુનો ન શ્રુતિ પુટે ।**
**અભૂદગં રંગદ્વાલિ વલયવલ્લી વિઝુલિત તથાપ્યે તે તચ્ચેતસ્તરૂણ ઇવ ધાવત્યનુદિનમ્ ॥**

'ડાયાબિટીસ જેવા' રોગોને કારણે દાંત અને પેઢાં તદ્દન હલબલી ગયાં છે, દાંત મૂળથી ખરી પડ્યા છે. વાળનો ભાર પળિયાથી ભરાઇ ગયો છે ને સફેદ-ભારરુપ લાગે છે. બે આંખો અંધારાના ગોખલા થઇ ગઇ છે. બંને કાન હવે સાંભળવાની શક્તિમાં મંદ થઇ ગયા છે શરીરના બધાં અંગો શિથિલ થઇ નબળાં અને કરચલીઓવાળાં થઇ ગયાં છે ઢીલાં પડી ગયા છે. આમ છતાં પણ આવા મંદ-વૃદ્ધ શરીરમાં રહેલું મન-ચિત્ત તો હજુ તરુણની જેમ, દરરોજ જયાં ને ત્યાં દોડાદોડ કરે છે.'

જે નાનપણથી જ સત્સંગ અને સારા સંસ્કાર ન હોય, આધ્યાત્મિક વિચાર જ્ઞાનની પૂરી સમજ ન હોય - સંયમ સાથે સંબંધ કેળવ્યો ન હોય - તો ઇશ્વર અને ભક્તિનો ભાવ હૃદયમાં જાગતો નથી. પરિણામે જીવ-ભૌતિક સુખો-એશ-આરામ 'વાસના' માં લિપ્ત રહે છે. સત્સંગથી સંયમ સમજાય છે. બાકી શરીરની કોઇ પણ અવસ્થા-શક્તિ-અશક્તિની પરવા કર્યા વિના મન-ચિત્ત 'વાસના' ના વિચાર છોડતું નથી.

## સુવિચાર

- સબ સે બડા ઉપદેશક આપકા હૃદય હૈ, જીંદગી મેં કભી ટૂટો મત, અપની નિંગા હોં સે ગીરો મત, કીસી કા દિલ જીતના હૈ, તો અપના દિલ સાફ રખ્ખો, દુનિયા કો જીતના હૈ, તો પહેલે અપને આપકો જીતના સીખો - **ગુલઝાર**
- જીવન આદર્શ રીતે જીવવું કે અધમ રીતે એ તમારે નક્કી કરવાનું છે, સંસારમાં બંને રીતે જીવવાની સુવિધા છે - **કેદારનાથ કુલકર્ણી**
- ધનની કિંમત સમજતા ન હોય તો કોઇની પાસે જરા ઉછીનું ધન માગી જોજો - **બેન્જામીન ફ્રેંકલીન**
- સ્વાર્થ એ પાશવિકતા છે, વ્યક્તિ બીજા લોકો માટે કંઇ કરે છે ત્યારે જ તેનામાં માનવતાની શરૂઆત થાય છે - **મકરંદ દવે**
- મૈત્રીભાવ પ્રેમને જન્મ આપે છે અને પ્રેમ દાન ધર્મને અમલી બનાવ્યા વિના રહી શકતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- 'મળ્યું છે પૂણ્ય થી જ' આ શ્રદ્ધા સ્થિર થયા પછી 'વાપરવું પણ પૂણ્ય માં જ' વિચાર આવશે - **પાંડુરંગ આઠવલે**
- જે મન 'હજી વધુ, હજી વધુ' ની વૃત્તિનું શિકાર બને છે એ મન આરાધનામાં સ્થિર થઇ શકતું નથી - **ડોંગરેજી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે ગાંધીજયંતીના ખાદી પહેલી પ્રાર્થના સભા થાય, છવ્વીસ જાન્યુઆરી - પંદર ઓગષ્ટની ઉજવણી અને માણસના જયારે ચરણ ચિતા તરફ પ્રયાણ કરતાં હોય, એને ભાન કે સમજ પણ ન હોય ત્યારે એમને માન-સન્માન-એવોર્ડ આપવામાં આવે. આ બધી ખોખલી ક્રિયા-દંભ જ છે.

માર્ગારેટ થેચર ઇંગ્લેન્ડના વડાપ્રધાન હતાં. ત્યારે પોર્ટની મૂલાકાતે ગયાં - ત્યાં ઉંચે દીવાદાંડી ઉપર ચઢવાની ઇચ્છા વ્યક્ત કરી ઉપરથી દૃશ્ય જોવું હતું.

૧૯૭૮ની સાલ હતી. માર્ગારેટ ઉપર ચઢ્યાં. ત્યાં એક સૈનિક સમુદ્ર તરફ મોટું વિશાળ દૂરબીન ગોઠવી નિરીક્ષણ કરતો હતો.

સ્વાભાવિક રીતે જ માર્ગારેટ એને પૂછ્યું. તમે શેનું નિરીક્ષણ કરો છો?

સૈનિકે કહ્યું, અહીં દોઢસો વર્ષથી આ પોંઇન્ટ પર બેસી સૈનિકને નિરીક્ષણ કરવાનું હોય છે કે નેપોલિયનનું સૈન્ય આવે છે કે કેમ? જો આવતું દેખાય તો અમારે કેપ્ટનને તરત જાણ કરવાની રહે છે. હવે ૧૮૧૫થી આ વ્યવસ્થા ગોઠવાઇ હતી. નેપોલિયન ને મરે સો વર્ષ થઇ ગયા હતાં...

સરકારી નિયમો-પરિપત્રો-ઉજવણી-માન-સન્માન આવા દંભ અને યાંત્રિક પ્રક્રિયા સિવાય બીજું કંઇ જ નથી. બાજપાઇને સમજ પણ નહીં હોય કે એની ડોકમાં શું નાખવામાં આવ્યું છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

# અભિવ્યક્તિની સ્વતંત્રતા છતા પણ ધરપકડ શકય : આઈટી એકટની કલમ ૬૬(એ) રદ

## આઈપીસી ધારા ૧૫૩ અને ૫૦૫ મુજબ પોલીસ ધરપકડ કરી શકશે

ભારતની સર્વોચ્ચ અદાલતે આઈટી એકટની કલમ ૬૬( એ ) બંધારણની વાણી સ્વતંત્રતાનો ભંગ કરતી હોવાથી માહિતી મેળવવાના જનતાના અધિકાર ઉપર કલમ ૬૬( એ ) તરાપ સમાન ગણાવી વાણી સ્વતંત્રતાની કલમ ૧૯( ૧ )( એ ) નું ઉલ્લંઘન કરનાર ગણાવી રદબાતલ કરતા અભિવ્યક્તિની સ્વતંત્રતા મળે છે તેમ છતાં આ કલમનો દૂર ઉપયોગ કરી વાણી સ્વતંત્રતાનો અર્થ ગાળાગાળી કરે બિભત્સ લખાણ લખી કે દ્રશ્ય, શ્રાવ્ય સાધનો દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે તો આઈ.પી.સી.ની કલમ ૧૫૬ તથા ૫૦૫ મુજબ પોલીસ આવો ગુન્હો કરનારની ધરપકડ કરી શકે છે તેમજ કોર્ટ સજા અને દંડ બન્ને ફરમાવી શકે છે.

કોમી હિંસા અથવા સામાજીક અરાજકતા સર્જનાર માહિતી માટે સરકાર વેબસાઈટ પણ બ્લોક કરી શકે છે. ભારતના વિદેશો સાથેના સંબંધો પર અસર પાડે તો તેવા કિસ્સામાં પણ ધરપકડ કરી શકાશે. એક વ્યકિત માટે ઉષ્કેરણી જનક બાબત અન્ય માટે ના પણ હોઈ શકે તે માટે કઈ બાબત ઉષ્કેરણી જનક છે તે પોલીસ કેવી રીતે નક્કી કરે તે પ્રશ્ન છે. ઓનલાઈન પોસ્ટ કરતી સામગ્રી માટે સરકારને વેબસાઈટ બ્લોક કરવાની પરવાનગી અદાલતે આપેલ છે.



**વાત કાનૂન કાયદાની...**

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડીયા તથા ઈન્ટરનેટ વપરાશ કર્તા સરકાર માટે ખલનાયક બનેલા કોઈપણ રાષ્ટ્રીય મુદ્દાને અભિવ્યક્ત કરતા સમયે અપમાન જનક ટીપ્પણી, અભદ્ર ભાષાનો ઉપયોગ દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમ દ્વારા સહજતાથી કરવામાં આવતો હતો. જે અંગે આઈટી એકટની કલમ ૬૬( એ ) વિધ્ન સમાન હતી જે રદ કરતા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જે. ચેલેશ્વર અને ઓ. એફ. નરીમાનની બેન્ચે જણાવેલ કે આઈટી એકટની કલમ ૬૬( એ ) દ્વારા માહિતી મેળવવાના જનતાના બંધારણીય અધિકારનું સીધે સીધું ઉલ્લંઘન આ કલમથી થતું હતું. ભારતીય બંધારણમાં અપાયેલ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આ કલમથી ભંગ થતો હતો કલમ ૬૬( એ ) નો કોઈ ભંગ નહિ થાય તેવા સરકારી વચનો ઉપર સુપ્રિમ કોર્ટ વિશ્વાસ રાખી શકે નહિ તેમ છતાં આવો ઐચિત્ય ભંગ થતો હોય તો આઈ.પી.સી.ની કલમ ૧૫૩ તથા ૫૦૫ અમલમાં છે જે દ્વારા પોલીસ ગુન્હેગારને પકડી શકે છે. જેમાં ત્રણ વર્ષ સુધીની કેદની જોગવાઈ છે જ કોર્ટે નોંધે કે કલમ ૬૬( એ ) denger test અને public disorder test નિષ્ફળ ગયેલ છે તેથી તે ગેરબંધારણીય છે. આ કલમ ઉષ્કેરણી જનકની સ્પષ્ટ વ્યાખ્યા કરી શકતી નથી. તેથી તેનો દૂર ઉપયોગ નહિ થાય તેવા સરકારી વચનોનો કોર્ટને વિશ્વાસ નથી જેથી કાયદાની યોગ્યતા અને તેના ગુણો ઉપર જ કલમ ૬૬( એ )ની વ્યાખ્યા થઈ શકે.

અદાલતે જણાવેલ કે કોઈ પણ બાબતની ચર્ચા, તરફેણ અને ઉષ્કેરણી જનક બાબતો વચ્ચે ઘણો મોટો તફાવત છે. ત્રણેયને એક જ વ્યાખ્યામાં ગણી શકાય નહિ. ચર્ચા અને તરફેણ કેટલીક વ્યકિતને પસંદ ના આવી શકે જેથી વ્યકિતનો વાણી સ્વતંત્રતાનો હક્ક મારી શકાય નહિ.

વાણી સ્વાતંત્રતાનો અર્થ ગાળાગાળી કે બિભત્સ ભાષાનો પ્રયોગ કે લખાણોનો થતો નથી તે માટે અલગથી આઈ.પી.સી. માં જોગવાઈ છે કલમ ૬૬( એ ) થી પોલીસને ઘણી જ અમર્યાદિત સત્તા મળતી હતી અને પોલીસ દ્વારા કાયદાનો દૂર ઉપયોગ થતો હતો. કલમ ૬૬ ના પીડીતો ભારતમાં ઘણા બધા છે. સુ.શ્રી મમતા બેનરજીનું કાર્ટન ઈનટનેટ ઉપર પોસ્ટ કરવાના ગુન્હામાં મહાપાત્રની ધરપકડ વખતે પોલીસ વગોવાઈ હતી તે જ રીતે ચિંદમ્બરના પુત્ર કાર્તિ સામે વાંધાજનક મેસેજ ટ્વીટ કરવા માટે ધરપકડ સમયે પોલીસની કામગીરી શંકાસ્પદ રહેલ. શ્રી બાલ ઠાકરેના નિધન બાદ મુંબઈ બંધને વખોડી કાઢનારની ધરપકડનો મુદ્દો પણ ચર્ચામાં રહેવા પામેલ જેના ભોગ બનનારને આ કલમ દૂર થતા બે વર્ષ બાદ ન્યાય મળ્યો છે.

આઈટી એકટની કલમ ૬૬( એ )નો રાજકીય વેર વાળવાના કામમાં જ અત્યાર સુધી ઉપયોગ થતો હતો જેમાં હવે રોક લાગશે. ૬૬( એ ) મુજબ કોઈપણ વ્યકિત પોતે જાણે છે કે માહિતી ખોટી છે છતાં ઉષ્કેરણી જનકરીતે ફેલાવવા, અસુવિધા પેદા કરવા, સમાજમાં ભય ફેલાવવા, અવરોધ સર્જવા અથવા કોઈને અપમાનીત કરવાના બદ ઈરાદાથી દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમથી ઉષ્કેરણી જનક અને તોફાની માહિતી અપલોડ કરવા બદલ ત્રણ વર્ષની સજાની જોગવાઈ હતી હવે આ ધારા રદ બાતલ ઠરાવતા પોલીસ આઈ.પી.સી.ની કલમ ૧૫૩ તથા ૫૦૫ મુજબ ગુન્હેગારો સામે પગલા ભરશે જેમાં પણ ત્રણ વર્ષની જ સજાની જોગવાઈ છે. તેથી અભિવ્યક્તિની સામગ્રી પ્રકાશીત કરતા વ્યક્તિએ આ કલમ સમજીને ત્યારબાદ જ કોઈ પણ બનાવની અભિવ્યક્તિ કરવી જોઈએ.

# ઓફિસનું કામ વહેતા પતાવી આલોક બોરિવલી સ્ટેશને પહોંચી સુલેખાની રાહ જોવા લાગ્યો

**બનવાકાળ**

- જય ગજ્જર

"હેપ્પી વેલેન્ટાઇન ડે!" આલોકે સવારે ઉઠતાં જ સુલેખાને કિસ કરી કહ્યું.

"કેમ, આજ કંઇ બહુ મૂડમાં છો!"

"આજ જૂહુની હોલી ડે ઇનમાં વેલેન્ટાઇનની પાર્ટીમાં જવાનું છે. તારી બહેનને પણ મેં ખાસ નિમંત્રણ આપ્યું છે. બોરીવલીથી સાંજે ચાર ચાલીસની ટ્રેઇનમાં આપણે તારી બહેનને લેવા માટુંગા જઇશું. તું બોરીવલી સ્ટેશન બરાબર ચાર વાગે આવજે. આજ તો સમયસર આવી જજે. તારી હંમેશની કુટેવ પ્રમાણે આજ જરા કે મોડી ના પડતી. નહિતર મારો પિત્તો જશે અને પાર્ટીનો બધાનો મૂડ બગડી જશે, સમજી?"

"યસ ડીઅર, આજ તો તારા પહેલાં જ હું પહોંચીશ."

સુલેખા એની બહેનની હાજરીમાં બહુ ખીલતી એટલે પત્નીને ખુશ કરવા જ એણે આ આયોજન કર્યું હતું.

ઓફિસનું કામ વહેતા પતાવી આલોક બોરિવલી સ્ટેશને પહોંચી સુલેખાની રાહ જોવા લાગ્યો. ચાર વાગે મળવાનું હતું પણ એનાં કંઇ એંધાણ નહોતા. સામે લટકતા ઘડિયાળના કાંટા ફરી રહ્યા હતા. કાંટો ચાંર પંદર પર પહોંચી ગયો. એક પછી એક ટ્રેઇન આવી રહી હતી પણ સુલેખા દેખાતી નહોતી. સુલેખા નીકળી છે કે નહિ એ જાણવા એણે ઘર પર ફોન કર્યો. ઘંટડી વાગતાં સુલેખાએ ફોન ઉપાડ્યો.

આલોકે ગુસ્સે થઇને પુછ્યું, "હજુ નીકળી નથી? કેટલા વાગ્યા કંઇ ખબર છે?"

"બધી ખબર છે. પણ નીકળતી હતી અને બા આવ્યાં. હવે દશ જ મિનિટમાં નીકળુ છું. બેબી સીટર પણ હજુ આવી નથી એટલે પિન્ટુએ બાની પાસે મૂકી નીકળું છું. પાંચ દસની ટ્રેઇનમાં નીકળીશું તો શું ખાટુંમોળું થઇ જવાનું છે? તને બોરીવલી મળું છું. સ્ટેશનના નવયુગ બુકસ્ટોર પાસે મારી રાહ જોજે."

ગુસ્સે થઇ બુકસ્ટોરમાં એક મેગેઝિનનાં પાનાં ફેરવતો હતો ત્યાં પાછળથી સુલેખા એના ખભા પર હાથ મૂકી બોલી, "હું નીકળતી હતી ને પાછો મારી બહેનનો ફોન આવ્યો. એને પણ થોડું મોડું થશે. સોરી."

"આમે તું કયારે ટાઇમસર નીકળે છે!" ગુસ્સામાં આલોકે કહ્યું.

આલોક આગળ કંઇ બોલે એ પહેલાં ચાર ચાલીસની લોક ટ્રેઇનમાં બોમ્બ બલાસ્ટ થતાં એ બાજુની બધી જ ટ્રેઇન કેન્સલ કરવામાં આવી છે.

એનાઉન્સમેન્ટ પૂરી થતાં સુલેખા બોલી, "ભગવાનનો પહાડ માન કે મોડી પાડી. ચાર ચાલીસની ટ્રેઇનમાં આપણે માટુંગા ગયાં હોત તો આતંકવાદનો ભોગ બનત. ગુસ્સો ઉતારી જરા હસ હવે... થેંક ગોડ એક ઘાત ગઇ."

"સાચી વાત છે... મોડા પરવાની તારી કુટેવને કારણે તો આપણને આજનો વેલેન્ટાઇન ડે ફર્યો... બનવાજોગ બને જ છે... હેપી વેલેન્ટાઇન... લોંગ લીવ ડાર્લિંગ..." કહેતાં હરખઘેલા બની આસપાસની માનવમેદનીની જરાકે દરકાર કર્યા વિના સુલેખાને પ્રેમથી ઊંચકી લીધી.

# આપત્તિના સમયમાં આજીવિકાનાં સાધનો જયારે નાશ પામે ત્યારે બ્રાહ્મણો ક્ષાત્રધર્મ સ્વીકારીને પણ આજીવિકા ચલાવી શકતા, પરંતુ જે બ્રાહ્મણો ક્ષાત્રધર્મનું આચરણ કરવામાં અશક્ત હોય તે ખેતીવાડી કે ગોપાલનરુપ વૈશ્યધર્મ સ્વીકારીને પણ આજીવિકા ચલાવે તો તે દોષપાત્ર ગણાતા નહોતા

**માહિતી પુંજ**

- છબાભાઇ મોતીભાઇ પટેલ

(ગતાંકથી આગળ...)

વસિષ્ઠ ખૂબ જ સહનશીલ અને ઉદાર ઋષિ હતા, છતાં ત્વષ્ટાનો પુત્ર વિશ્વરુપ કે જે પ્રથમ દેવોનો પુરોહિત હતો તેને તેના મોસાળપક્ષના હિરણ્યકશિપુએ હોતા તરીકે સ્વીકાર્યો, તેથી વશિષ્ઠ કે જે હિરણ્યકશિપુના પુરોહિત હતા, તેઓએ તેને શાપ આપેલો કે તેનો યજ્ઞ સમાપ્ત થશે નહિ અને કોઇ અજ્ઞાત પ્રાણથી તેઓ વધ થશે.

તે સમયે અમુક બ્રાહ્મણો અનેક વર્ષો સુધી ઉગ્ર તપ કરતા. અમુક બ્રાહ્મણો તો છિલોંચ્છવૃત્તિથી આજીવિકા ચલાવતા. આ બાબતમાં મુદગલનું ઉહારણ જાણવા જેવું છે. તેઓ ખેતરોમાંથી કણ કણ ડાંગર વીણીને અઠવાડિયે આઠ શેર ડાંગર ભેગી કરીને પખવાડિયે આહાર લેતા હતા. તેની પરીક્ષા લેવા માટે પંદર પંદર દિવસે દુર્વાસા અતિથિ બનીને આવતા અને તેઓએ રાંધેલું બધું જ અન્ન ખાઇને ચાલ્યા જતા હતા. આવું દુર્વાસાએ છ વાર કરેલું. મુદગલના આવા પુણ્યથી તેઓ સ્વર્ગનાં અધિકારી બન્યા હતા, છતાં તેમણે સ્વર્ગલોકમાં જવાની ઇચ્છા કરી ન હતી. વળી યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞમાં કરેલા દાનની નિંધા જે નોળિયાએ કરેલ તેણે છિર્લોચ્છવૃત્તિથી આજીવિકા ચલાવનારા બ્રાહ્મણની વાત કરેલ તે પણ બ્રાહ્મણોના દુષ્કર તપ અને દાન અંગે નિર્દેશ કરે છે. (છિલોચ્છવૃત્તિ એટલે જમીન પર પડેલા દાણા એકએક કરીને વીણીને નિર્વાહ કરવો) આ જ પ્રમાણે ધર્મ વરિષ્ઠનું રુપ લઇને વિશ્વામિત્ર પાસે જમવાનું માગીને ચાલ્યા ગયા બાદ સો વર્ષે તે જ રુપે તરત આવ્યા, તોપણ વિશ્વામિત્ર વાયુનું ભક્ષણ કરીને પોતાના માથા પર તપેલીમાં રાંધેલા ચોખા લઇને તેઓની રાહ જોતા ઊભા રહ્યા હા, તો તપ અને સિદ્ધિઓ બાબતે જિતેન્દ્રિય એવા અસિતદેવલમુનિ કે જેઓ ગૃહસ્થ હતા છતાં અનેક સિદ્ધિઓના સ્વામી હતા. તેઓનાં ત્યાં અતિથિ બનેલા જૈગીષવ્યમુનિની સિદ્ધિઓ તો આશ્ચર્ય પમાડે તેવી હતી. વેદવ્યાસની તપશ્ચર્યા અને તેઓનાં સામાર્થ્યની તો કોઇ સીમા ન હતી. જે વ્યક્તિ વેદોના વિભાગો કરે, અઢાર પૂરાણો લખે અને જેના લહિયા તરીકે ગણેશજી હોય, વળી જેઓ સંજય જેવાને પણ દિવ્યદૃષ્ટિ પ્રદાન, યુદ્ધમાં મરણ પામેલાઓનાં સંબંધીઓ સાથે મૃતવ્યક્તિઓનો મેળાપ કરાવી શકે તેઓનું તપોબળ અને સામર્થ્ય કેટલું હશે!

એવું પણ જોવામાં આવે છે કે બ્રાહ્મણોમાં માથે પળિયા આવવાથી, બંધુસહાયથી કે દ્રવ્યથી કોઇ મોટો ગણાતો નહિ પણ જ્ઞાનમાં વૃદ્ધ હોય તે જ મોટો ગણાતો. આ બાબતમાં એવો ઉલ્લેખ છે કે જયારે બાર વર્ષનો દુકાળ પડ્યો, ત્યારે ક્ષુધાથી પિડાતા સાઠ હજાર મુનિઓ અન્ય જગ્યાએ ચાલ્યા ગયા હતા અને સ્વાધ્યાય વગર વેદો ભૂલી ગયા હતા. ત્યારે ફરીથી વેદો ભણવા માટે તેઓથી ખૂબ જ નાના એવા સારસ્વત નામના (કે જેઓ અંલબુષા નામની અપ્સરાને જોઇને દધીચિમુનિ સરસ્વતી નદીનાં સ્ખલિત થઇ ગયા હતા, તેથી ઉત્પન્ન થયેલા અને સરસ્વતી નદીએ તેઓને દરરોજ ભોજનમાં માછલાં આપીને જીવાડીને મોટા કરેલા) મુનિના શિષ્યો બનીને તેમની પાસે વેદાભ્યાસ કરેલો.

એવું પણ જોવામાં આવે છે કે ઉચ્ચ સ્થાને પહોંચેલા બ્રાહ્મણો પણ કુકર્મ કરતા હતા. દેવોના પુરોહિત બૃહસ્પતિએ તેઓનાં મોટાભાઇની ગર્ભિણી પત્ની સાથે કુકર્મ કરેલું. તે રીતે જ ભારદ્વાજનો યવક્રીત નામનો પુત્ર હતો. તેણે રૈભ્યના પુત્ર પરાવસુની પત્ની સાથે કુકર્મ કરેલું. વળી કામવિવશ પારાશરમુનિનો સત્યવતી સાથેનો સમાગમ બંનેની સહમતીથી થયેલો હોવા છતાં લગ્નેતર સંબંધ હતો. ઇંદ્ર પણ કામી હોય તેવું જણાય છે. જેમ કે ગૌતમની પત્ની અહલ્યા સાથે ગૌતમનું રુપ લઇને ઇંદ્રે કરેલું કુકર્મ.

વળી દેવશર્મા નામના ઋષિની પત્ની રુચિ સથે કુકર્મ કરવા ઇંદ્રનું જવું અને દેવશર્માનાં શિષ્ય વિપુલ દ્વારા ગુરુમાતાનું ઇંદ્રથી રક્ષણ કરવું તે બાબત ઇંદ્રની કામુકતાનો નિર્દેશ કરે છે. સામાન્ય રીતે એવું માનવા પ્રેરાઇએ કે તે સમયના ઋષિમુનિઓ કામ અને મોહથી પર હશે. પરંતુ તે સંપૂર્ણ સત્ય નથી. પારાશરમુનિ સત્યવતીને જોઇને કામગ્રસ્ત થયા હતા. દીર્ઘતમા પ્રકાશમૈથુન કરતા હોવાથી તેઓને નદીમાં વહાવી દેવાયા હતા. વિશ્વામિત્ર મેનકાને જોઇને કામગ્રસ્ત થયા હતા અને પરિણામે શકુંતલાનો જન્મ થયો હતો. ભરદ્વાજ ધૃતાચી નામની અપ્સરાને જોઇને કામવશ થઇને સ્ખલિત થયા હતા, જેથી દ્રોણ પેદા થયા હતા. કૃપાચાર્ય અને કૃપીનો જન્મ પણ જાનપદી નામની અપ્સરાને જોઇને શરદવાન નામના ઋષિ શરોના સમૂહ પર સ્ખલિત થયા હતા તેથી થયો હતો. તે જ રીતે મહર્ષિ વ્યાસ પણ જયારે પુત્ર પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરી રહ્યા હતા, ત્યારે ધૃતાચી નામની અપ્સરાને જોઇને કામથી મોહિત થઇ ગયા હતા અને કામને રોકવા અને ધૈર્ય ધારણ કરવા ખૂબ જ પ્રયત્ન કરવા છતાં સ્ખલિત થઇ ગયા હતા. તો નારદઋષિ તેઓના ભાણિયા પર્વતમુનિ સાથે સૃંજયરાજાના ત્યાં રોકાતા હતા, ત્યારે તેની પુત્રીનું લાવણ્ય જોઇ તેઓમાં પણ કામ વિકાર ઉત્પન્ન થયો હતો.

સામાન્ય રીતે તે સમયે વર્ણાશ્રમો પ્રમાણેની પદ્ધતિમાં કાર્યના આધારે વર્ણ નક્કી થતો હતો તેમ માનવામાં આવે છે. પરંતુ કૃપાચાર્ય, દ્રોણ અને અશ્વસ્થામાએ યુદ્ધમાં ક્ષત્રિયોની પીઠે ભાગ લઇને અનેકનો સંહાર કરી નાખેલો છતાં તેઓનું બ્રાહ્મત્વ અખંડ હતું. વળી, પરશુરામે પણ ક્ષત્રિયનું કાર્ય કરી એકવીસવાર પૃથ્વી નક્ષત્રી કરેલી છતાં પણ તે ક્ષત્રિય નહોતા કહેવાયા. આમ કેવું? તે વિચારવું રહ્યું.

તે સમયે બ્રાહ્મણો પણ પુત્રમોહથી મુક્ત હતા જ એવું નહોતું, જયારે શુકદેવજીએ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરવા યોગને આશ્રય કરી વાયુરુપ થઇ આકાશમાર્ગે ગમન કર્યું, ત્યારે વેદવ્યાસ જેવા મહર્ષિ પણ 'હે શુકા હે શુકા' એમ કહેતા તેઓની પાછળ જવા લાગ્યા હતા. વળી દ્રોણ જેવા સમર્થ ગુરુ પણ પુત્રનો પક્ષપાત કરતા હતા. તેઓ તેઓના અન્ય શિષ્યોને નદીએથી પાણી લાવવા કમંડલ આપતા હતા, જયારે અશ્વસ્થામાને ઘડો આપતા હતા જેથી તે બધાંની પહેલાં પરત આવી જતા અને બીજા આવે તે દરમિયાન દ્રોણ પોતાના પુત્રને શ્રેષ્ટ ક્રિયાઓ શિખવી દેતા હતા. વળી અર્જુન અશ્વસ્થામાની સમાન ન થાય અને અંધારામાં બાણ ચલાવવામાં પ્રવિણ ન થાય તે માટે દ્રોણે રસોઇયાને એકાંતમાં એવી સૂચના આપી હતી કે, અર્જુનને અંધારામાં જમવાનું ન આપવું. (જેથી અર્જુનને ખ્યાલ ન આવે કે અંધારામાં હાથ કોળિયાને મોં માં પહોંચાડે છે તેમ અંધારામાં પણ મહાવરાથી નિશાન તાકી શકાય.) તો વળી શુક્રાચાર્યે પોતાની પુત્ર તરફની લાગણીથી પ્રેરાઇ વૃષવર્ષા રાજાની પુત્રી શર્મિષ્ઠાને તેની દાસી બનાવવાની રોકી નહોતી.

તે સમયે બ્રાહ્મણો અગ્નિ સમાન ગણાતા. તેઓ અમુક સમયે ક્રૂરતા પણ આચરતા અને વેર પણ રાખતા હતા. વરિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે કોઇ કારણસર (પૂર્વે કલ્માષપાદ નામના રાજાના યજ્ઞ નિમિત્તે વિશ્વામિત્ર અને વરિષ્ઠ વચ્ચે વેર બંધાયું હતું. કલ્માષપાદનું બીજું નામ સૌદાસ હતું.) વેર થતાં વિશ્વામિત્રે વરિષ્ઠના એકસો પુત્રોને મારી નાંખ્યા હતા. તો મહાભારતના યુદ્ધની સમાપ્તિ વેળાએ રાત્રે અશ્વસ્થામાની સાથે રહીને કૃપાચાર્યે પાંડવ પક્ષનો સંહાર કરવામાં સાથ આપ્યો હતો. એટલું જ નહિ પણ કૃપાચાર્યે કૃતવર્માની સાથે મળીને પાંડવોની છાવણીને ત્રણ બાજુએ અગ્નિ મૂકીને સળગાવી હતી.

બ્રાહ્મણો સામાન્ય રીતે શાકાહારી હતા અને જેઓ વનમાં રહેતાં હતા તેઓ વનમાં મળતાં અનાજ, ફળ, ફુલ કે કંદમૂળોનો આહાર કરતા હતા. તે ઉપરાંત તેઓ માંહાસાર પણ કરતાં. ઇલ્લવ નામના રાક્ષસે તેના ભાઇ વાતાપિને બકરો બનાવી તેને કાપીને રાંધ્યા બાદ અગત્સ્ય ઋષિને જમવા પિરસેલ. તેઓ તે બધું જ માંસ ખાઇ જઇ તેને પચાવી ગયા હતા. એવો પણ ઉલ્લેખ છે કે પાંડવો જયારે કામ્યકવનમાં નિવાસ કરતા હતા ત્યારે તેઓ હજાર સ્નાતક બ્રાહ્મણો અને દશ મહાત્મા મોક્ષવેત્તાઓને પ્રાણીઓનો શિકાર કરીને ભોજન આપતા હતા. વળી વસિષ્ઠના પુત્ર શક્તિમુનિને રાક્ષસ સ્વરુપે ખાઇ ગયેલા કલ્પાષપાદ રાજા પાસે પૂર્વે એક ક્ષુધાર્ત બ્રાહ્મણે માંસયુક્ત ભોજન માંગ્યુ હતું. અરે ! ગૌતમ નામનો બ્રાહ્મણ તો અત્યંત શિકારી હતો અને તેણે તેના પર ઉપકાર કરનારા હંસને પણ ભક્ષણ માટે મારી નાખ્યો હતો. તો આગળ જણાવ્યું તેમ બાર વર્ષના દુકાળ સમયે સારસ્વત મુનિ માછલાં ખાઇને ટકી ગયા હતા. તો જીવતા રહેવા માટે આપદધર્મને અનુસરીને વિશ્વામિત્ર બાર વર્ષના દુષ્કાળના સમયે કૂતરાની જાંઘનું માંસ ખાવા માટે તૈયાર થઇ ગયા હતા અને તેને પકાવ્યું હતું. જો કે તે ખાધું ન હતું. તો એક મોટા દુષ્કાળના સમયે સપ્તર્ષિઓએ તેઓના યજમાન રાજા શૈબ્ય કે જે શિબિનો પુત્ર હતો, તેના મરણ પામેલા પુત્રને પોતાની ક્ષુધાતૃપ્તિ કરવા માટે તપેલામાં નાખીને રાંધવા માંડ્યા હતા. પરંતુ તેને ખાધા સિવાય ત્યાગ કરીને ચાલ્યા ગયા હતા, તેઓ ઉલ્લેખ છે.

આપત્તિના સમયમાં આજીવિકાનાં સાધનો જયારે નાશ પામે ત્યારે બ્રાહ્મણો ક્ષાત્રધર્મ સ્વીકારીને પણ આજીવિકા ચલાવી શકતા, પરંતુ જે બ્રાહ્મણો ક્ષાત્રધર્મનું આચરણ કરવામાં અશક્ત હોય તે ખેતીવાડી કે ગોપાલનરુપ વૈશ્યધર્મ સ્વીકારીને પણ આજીવિકા ચલાવે તો તે દોષપાત્ર ગણાતા નહોતા. વળી બ્રાહ્મણ અતિમહાન આપત્તિમાં આવી પડ્યો હોય તો પણ તેને મદિરા, મીઠું, તલ, ઘોડા, ગાયો, બકરાં, ઘેટાં, બળદ, મધ, માંસ અને રાંધેલું અન્ન - એ સર્વ વેચવી નહિ તેવું વિધાન હતું. વળી જયારે ત્રણે વર્ણો સંકટમાં આવી પડે, ત્યારે શસ્ત્ર ગ્રહણ કરનાર બ્રાહ્મણને દોષ લાગતો નહોતો.

- ક્ષત્રિયો - બ્રાહ્મણો પછી મહત્ત્વનું સ્થાન ક્ષત્રિયોનું હતું. તેઓના વધારાના વિશેષ ધર્મોમાં - યાચના કરવી નહિ, દાન આપવું, યજ્ઞો કરવા પરંતુ યજ્ઞો કરાવવા તૈયાર થવું નહિ. વેદોનું અધ્યયન કરવું, પણ વેદો ભણાવવા નહિં, પ્રજાઓનું રક્ષણ તેમજ પાલન કરવું, નિત્ય ઉદ્યોગપરાયણ રહેવું, યુદ્ધમાં પરાક્રમ કરવું વગેરે હતું.
- વૈશ્યો - બ્રાહ્મણો અને ક્ષત્રિયો પછીના ક્રમે વૈશ્યો આવતા હતા. વૈશ્યોના મુખ્ય ધર્મોમાં કૃષિ, પશુપાલન, વેપાર, યજ્ઞો કરવા, નીતિથી ધન સંચય કરવો અને એક વર્ષ ચાલે તેટલું અનાજ ઘરમાં રાખવું તે હતા.
- શુદ્રો - સમાજમાં સૌથી નીચેના સ્થાને શુદ્રો હતા. શુદ્રોનો ધર્મ સર્વ વર્ણોની સેવા કરવાનો હતો. તેઓએ સર્વ વર્ણોનું દાસત્વ જ કરવું પડ્યું. ધાર્મિકશુદ્ર, રાજાની આજ્ઞા પ્રમાણે, ધર્મકાર્ય માટે ઉપયોગમાં લેવાનું હોય તેટલું જ ધન એકઠું કરી શકતો. શુદ્રે કરેલો ધન સંચય તેની માલિકીનો કદી ગણાતો જ નહિ. શુદ્રોને વેદાભ્યાસનો અધિકાર નહોતો. તેઓને વૈદિક સ્વાહાકાર અને વષટ્કાર મંત્રોનો અધિકાર નહોતો. શુદ્રોને માનસિક યજ્ઞ કરવાનો અધિકાર હતો. શુદ્રો વૈદિક મંત્રોની યોજના વિનાનો (પૌરાણિક) યજ્ઞ કરી શકતા.

આમ છતાં ત્રણે વર્ણોના મનુષ્યોએ શુદ્રોનું અવશ્ય ભરણપોષણ કરવું જોઇએ અને તેઓની આજીવિકા માટેનો નિર્વાહ કરી દેવો જોઇએ તેવી વ્યવસ્થા હતી.

શુદ્ર ગમે તેટલી તપશ્ચર્યા કરે તો પણ તેને બાહ્મણત્વ પ્રાપ્ત થતું નહોતું.